# આકર્ષક મોબાઈલ ચાર્જીંગ સ્ટેશન્સ

**મોબાઈલ તો દરેક ઘરોમાં હોવાના જ અને તેને ચાર્જ કરવાની વ્યવસ્થા પણ હોવાની જ. બરાબર ને? સામાન્ય રીતે મોટાભાગનાં ઘરોમાં સાઈડ ટેબલ પર ફોન ચાર્જ કરવા મુકાતો હોય છે પરંતુ હવેથી આ વ્યવસ્થા હંમેશાં બોરિંગ જ રહેશે એવું નથી. મોબાઈલ ચાર્જીંગ સ્ટેશન માટે પણ હવે ઘણી નવી નવી આકર્ષક ડીઝાઈન આવી ગઈ છે. તે અન્ય વસ્તુઓ મૂકવાની સુવિધાની સાથે ઘરને આકર્ષક લુક પણ આપે છે. તો જોઈએ કેટલાક મોબાઈલ ચાર્જીંગ પોઈન્ટ જે ઘરમાં સજાવટ તરીકે પણ ઉપયોગી થઈ શકે છે.**




### * વૃક્ષ આકારનું ચાર્જીંગ સ્ટેશન

આ ચાર્જીંગ સ્ટેશન વૃક્ષ આકારનું લાકડાથી બનાવેલું હોય છે. તેની શાખાઓ પણ લાકડાની બનેલી હોય છે જે મોબાઈલને અને ચાર્જીંગ કેબલને હોલ્ડ કરવામાં મદદરૂપ થાય છે.

### * ઘર આકારનું ચાર્જીંગ સ્ટેશન



બનેલા ઘર આકારના આ ચાર્જીંગ સ્ટેશનમાં નાનાં ખાનાં હોય છે જેમાં તમે ફોન, ચાવી, વોલેટ અને ચશમાં પણ મૂકી શકો છો. ઘરના મુખ્ય દ્વાર પાસે કે બેડરૂમમાં તેને રાખી શકાય છે.

### * કમાનના આકારવાળું ચાર્જીંગ સ્ટેશન



કમાનના આકારનું આ ચાર્જીંગ સ્ટેશન લાકડાનું બનેલું હોય છે જે દેખાવમાં ઘણું આકર્ષક લાગે છે. તેમાં કમાનના આકારની ડીઝાઈનમાં કેબલ સ્લોટસ છુપાયેલા હોય છે જે તેને પ્રીમિયમ ચાર્જીંગ સ્ટેશન બનાવે છે.

### * ચાર્જીંગ બોક્સ

લાકડા પર કોતરણી કરેલા બોક્સ જેવા આકારનું આ ચાર્જીંગ સ્ટેશન કેબલને છુપાવી દે છે અને ફોન પણ તમે તે બાસ્કેટની અંદર મૂકી શકો




છો. તેમાં ફોનની સાથે સાથે અન્ય વસ્તુઓ જેવી કે ઈઅર પોડ્સ, ડીજીટલ વોચ વગેરેને અંદર મૂકી શકાય છે અને તે ઓફિસ જેવી જગ્યાઓ પર વધારે સારાં લાગે છે. તેને તમે સાઈડ ટેબલ કે ખુલ્લી અલમારીમાં પણ મૂકી શકો છો.

### * લાકડાનું ચાર્જીંગ બ્લોક

ઝીણી નકશીકામ કરેલા લાકડાના ટુકડાનો ઉપયોગ ચાર્જીંગ સ્ટેશન તરીકે કરવાથી રૂમને આધુનિક લુક મળે છે. તેમાં બિલ્ટ ઈન વાયરલેસ ચાર્જીંગ અને છુપાયેલા કેબલ્સને કારણે તેનો ડિઝાઈનર લુક આવે છે. તેમાં મોબાઈલની સાથે અન્ય વસ્તુઓ મૂકવાની સુવિધા પણ હોય છે.



### * ફ્લોટિંગ વોલ ચાર્જીંગ

ઘરની દીવાલમાં એક ખાંચો બનાવીને ત્યાં ચાર્જીંગ પોઈન્ટ બનાવવો અને ઉપરના ભાગે LED લાઈટ લગાવવાથી તે રૂમને આકર્ષક લુક આપે છે.

